**29.01.2023** પ્રાતઃમુરલી ઓમ શાંતિ “અવ્યક્ત-બાપદાદા” રીવાઈઝ ૦૨-૧૨-૯૩ મધુબન

નંબરવન બનવા માટે ગુણમૂર્ત બની ગુણોનું દાન કરવા વાળા મહાદાની બનો

આજે બેહદનાં માતા-પિતા ચારેય તરફનાં વિશેષ બાળકોને જોઈ રહ્યાં હતાં. શું વિશેષતા જોઈ? કયા બાળકો અખુટ જ્ઞાની, અટલ સ્વરાજ્ય અધિકારી, અખંડ નિર્વિઘ્ન, અખંડયોગી, અખંડ મહાદાની છે એવાં વિશેષ આત્માઓ કોટો માં કોઈ બનેલા છે. જ્ઞાની, યોગી, મહાદાની બધાં બન્યાં છે પરંતુ અખંડ કોઈ-કોઈ બન્યાં છે. જે અખુટ, અટલ અને અખંડ છે એ જ વિજય માળા નાં વિજયી મણકા છે. બાપદાદાએ સંગમયુગ પર બધાં બાળકોને ‘અટલ-અખંડ ભવ’ નું વરદાન આપ્યું છે. પરંતુ વરદાન ને જીવનમાં સદા ધારણ કરવામાં નંબરવાર બની ગયાં છે. નંબરવન બનવા માટે સૌથી સહજ વિધિ છે અખંડ મહાદાની બનો. અખંડ મહાદાની અર્થાત્ નિરંતર સહજ સેવાધારી કારણ કે સહજ જ નિરંતર થઈ શકે છે. તો અખંડ સેવાધારી અર્થાત્ અખંડ મહાદાની. દાતા નાં બાળકો છો, સર્વ ખજાનાથી સંપન્ન શ્રેષ્ઠ આત્માઓ છો. સંપન્ન ની નિશાની છે અખંડ મહાદાની. એક સેકન્ડ પણ દાન આપ્યા વગર રહી નથી શકતાં. દ્વાપર થી દાની આત્માઓ અનેક ભક્તો પણ બને છે પરંતુ કેટલાં પણ મોટાં દાની હોય, અખૂટ ખજાના નાં દાની નથી બન્યાં. વિનાશી ખજાના અથવા વસ્તુનાં દાની બને છે. આપ શ્રેષ્ઠ આત્માઓ હમણાં સંગમ પર અખુટ અને અખંડ મહાદાની બનો છો. પોતે પોતાને પૂછો કે અખંડ મહાદાની છો? કે સમય પ્રમાણે દાની છો? કે ચાન્સ પ્રમાણે દાની છો?

અખંડ મહાદાની સદા ત્રણેય પ્રકાર થી દાન કરવામાં બીઝી (વ્યસ્ત) રહે છે. પહેલાં મન્સા દ્વારા શક્તિઓ આપવાનું દાન, બીજું વાણી દ્વારા જ્ઞાનનું દાન, ત્રીજું કર્મ દ્વારા ગુણોનું દાન. આ ત્રણેય પ્રકારનાં દાન આપવા વાળા સહજ મહાદાની બની શકે છે. રીઝલ્ટ માં જોયું વાણી દ્વારા જ્ઞાન દાન મેજોરીટી (વધારે) કરતા રહો છો. મન્સા દ્વારા શક્તિઓનું દાન યથા શક્તિ કરો છો અને કર્મ દ્વારા ગુણદાન, આ ખૂબ ઓછા કરવાવાળા છે અને વર્તમાન સમયે ભલે અજ્ઞાની આત્માઓ છે, કે બ્રાહ્મણ આત્માઓ છે બંનેને આવશ્યકતા ગુણદાન ની છે. વર્તમાન સમયે વિશેષ સ્વયમાં તથા બ્રાહ્મણ પરિવારમાં આ વિધિ ને તીવ્ર બનાવો.

આ દિવ્ય ગુણ સૌથી શ્રેષ્ઠ પ્રભુ પ્રસાદ છે. આ પ્રસાદ ને ખૂબ વહેંચો. જેમ જ્યારે કોઈને પણ મળો છો તો એક-બીજામાં પણ સ્નેહની નિશાની સ્થૂળ ટોલી ખવડાવો છો ને, એવી રીતે એક-બીજા માં આ ગુણોની ટોલી ખવડાવો. આ વિધિ થી જે સંગમયુગનું લક્ષ છે - “ફરિશ્તા સો દેવતા” આ સહજ સર્વમાં પ્રત્યક્ષ દેખાશે. આ પ્રેક્ટિસ (અભ્યાસ) નિરંતર સ્મૃતિ માં રાખો કે હું દાતા નું બાળક અખંડ મહાદાની આત્મા છું. કોઈપણ આત્મા ભલે અજ્ઞાની હોય, કે બ્રાહ્મણ હોય પરંતુ આપવાનું છે. બ્રાહ્મણ આત્માઓને જ્ઞાન તો પહેલાં જ છે પરંતુ બે પ્રકાર થી દાતા બની શકો છો.

૧- જે આત્માને, જે શક્તિની આવશ્યકતા છે એ આત્માને મન્સા દ્વારા અર્થાત્ શુદ્ધ વૃતિ, વાઈબ્રેશન (પ્રકંપન) દ્વારા શક્તિઓનું દાન અર્થાત્ સહયોગ આપો.

૨- કર્મ દ્વારા સદા સ્વયં માં ગુણમૂર્ત બની, પ્રત્યક્ષ સેમ્પલ બની બીજાઓને સહજ ગુણ ધારણ કરવાનો સહયોગ આપો. આને કહેવાય છે ગુણદાન. દાન નો અર્થ છે સહયોગ આપવો. આજકાલ બ્રાહ્મણ આત્માઓ પણ સાંભળવાની બદલે પ્રત્યક્ષ પ્રમાણ જોવા ઈચ્છે છે. કોઈને પણ શક્તિ ધારણ કરવાની તથા ગુણ ધારણ કરવાની શિક્ષા આપવા ઈચ્છો છો તો કોઈ દિલમાં વિચારે, કોઈ કહે કે આવાં ધારણા મૂર્ત કોણ બન્યાં છે? તો જોવા ઈચ્છે છે પરંતુ સાંભળવા નથી ઈચ્છતાં. એવી રીતે એક-બીજામાં કહો છો ને - કોણ બન્યાં છે, બધાંને જોઈ લીધાં.... જ્યારે કોઈ વાત આવે છે તો કહે છે કોઈ નથી બન્યાં, બધું ચાલે છે. પરંતુ આ અલબેલાપણા નાં બોલ છે, યથાર્થ નથી. યથાર્થ શું છે? ફોલો બ્રહ્મા બાપ. જેમ બ્રહ્મા બાપે સ્વયં, સદા પોતાને નિમિત્ત ઉદાહરણ બનાવ્યાં, સદા આ લક્ષ લક્ષણ માં લાવ્યાં - જે ઓટે સો અર્જુન અર્થાત્ જે સ્વયં ને નિમિત્ત પ્રત્યક્ષ પ્રમાણ બનાવે છે તે જ અર્જુન અર્થાત્ અવ્વલ (પ્રથમ) નંબર નાં બને છે. જો ફોલો ફાધર કરવું છે તો બીજાઓને જોઈ બનવામાં નંબરવન નહીં

બની શકો. નંબરવાર બની જશો.

નંબરવન આત્માઓ ની નિશાની છે દરેક શ્રેષ્ઠ કાર્યમાં મારે નિમિત્ત બની બીજાઓને સિમ્પલ (સરળ) કરવા માટે સેમ્પલ (દૃષ્ટાંત) બનવાનું છે. બીજાને જોવા, ભલે મોટાં ને, કે નાનાં ને, કે સમાન વાળાને પરંતુ બીજાઓને જોઈને બનવું કે પહેલાં આ-આ બને તો હું બનું, તો નંબરવન તો એ થઈ ગયાં ને જે બનશે. તો સ્વયં સ્વતઃજ નંબરવાર માં આવી જાય છે. તો અખંડ મહાદાની આત્મા સદા પોતાને દરેક સેકન્ડે ત્રણેય મહાદાન માંથી કોઈ ને કોઈ દાન કરવામાં બીઝી (વ્યસ્ત) રાખે છે. જેવો સમય તેવી સેવા માં સદા લાગેલા રહે છે. એમને વ્યર્થ જોવા, સાંભળવા કે કરવાની ફૂરસદ જ નથી. તો મહાદાની બન્યાં છો? હવે અન્ડરલાઇન કરો (ખાસ ધ્યાન રાખો) અખંડ બન્યાં છો. જો વચ્ચે-વચ્ચે દાતાપણા માં ખંડન પડે છે તો ખંડિત ને સંપૂર્ણ નથી કહેવાતાં. વર્તમાન સમયે પરસ્પર વિશેષ કર્મ દ્વારા ગુણદાતા બનવાની આવશ્યક્તા છે. દરેક સંકલ્પ કરો કે મારે સદા ગુણમૂર્ત બની બધાંને ગુણમૂર્ત બનાવવાનું વિશેષ કર્તવ્ય કરવાનું જ છે. તો સ્વયં ની અને સર્વની કમજોરીઓ સમાપ્ત કરવાની આ વિધિમાં દરેક પોતાને નિમિત્ત અવ્વલ નંબર સમજી આગળ વધતા ચાલો. જ્ઞાન તો ખૂબ છે, હવે ગુણો ને ઈમર્જ (જાગૃત) કરો, સર્વગુણ સંપન્ન બનવા અને બનાવવાનું દૃષ્ટાંત બનો. અચ્છા!

સર્વ અખંડ યોગી તું આત્માઓ, સર્વ સદા ગુણમૂર્ત આત્માઓ ને, સર્વ દરેક સંકલ્પ દરેક સેકંડ મહાદાની તથા મહાસહયોગી વિશેષ આત્માઓ ને, સદા સ્વયં શ્રેષ્ઠતા માં સેમ્પલ બની સર્વ આત્માઓને સિમ્પલ સહજ પ્રેરણા આપવા વાળા, સદા સ્વયં ને નિમિત્ત નંબરવન સમજી પ્રત્યક્ષ પ્રમાણ આપવા વાળા બાપ સમાન આત્માઓને બાપદાદા નાં યાદ-પ્યાર અને નમસ્તે.

દાદી જાનકી સથે મુલાકાત - (ઓસ્ટ્રેલિયા, સિંગાપુર વગેરે નાં ચક્કર નાં સમાચાર સંભળાવ્યાં અને બધાંની યાદ આપી) બધાંની યાદ પહોંચી ગઈ. ચારેય તરફ નાં બાળકો સદા બાપની સામે છે એનું પ્રત્યક્ષ પ્રમાણ છે જ્યારે પણ યાદ કરે તો સમીપ અને સાથ નો અનુભવ કરે છે. બાબા કહ્યું દિલથી અને દિલારામ હાજર. એટલે જ કહે છે હજુર હાજર છે, હાજરા હજુર છે. જ્યાં પણ છે, જે પણ છે પરંતુ દરેક સ્થાન પર દરેકની પાસે હાજર થઈ જાય છે એટલે હાજરા હજુર થઈ ગયાં. આ સ્નેહની વિધિ ને લોકો નથી જાણી શકતાં. આ બ્રાહ્મણ આત્માઓ જ જાણે છે. અનુભવી આ અનુભવ ને જાણે છે. આપ વિશેષ આત્માઓ તો છો જ કમ્બાઈન્ડ (સંયુક્ત) ને. અલગ થઈ જ નથી શકતાં. લોકો કહે છે જ્યાં જોઉં છું ત્યાં ત જતું છે અને તમે કહો છો જે કરીએ છીએ, જ્યાં જઈએ છીએ બાપ સાથે જ છે અર્થાત્ ત જ તું છો. જેમ કર્તવ્ય સાથે છે તો દરેક કર્તવ્ય કરાવવા વાળા પણ સદા સાથે છે એટલે ગવાયેલું છે કરનકરાવનહાર. તો કમ્બાઈન્ડ થઈ ગયાં ને - કરનહાર અને કરાવનહાર. તો તમારા બધાંની સ્થિતિ શું છે? કમ્બાઈન્ડ છે ને. કરન કરાવનહાર, કરનહાર ની સાથે છે જ, કરાવનહાર અલગ નથી. આને જ કમ્બાઈન્ડ સ્થિતિ કહેવાય છે. બધાં પોત-પોતાનો સારો પાર્ટ ભજવી રહ્યાં છો. અનેક આત્માઓની આગળ સેમ્પલ છો, સિમ્પલ કરવા માટે. એવું લાગે છે ને. મુશ્કેલ ને સહજ બનવાવું આ જ ફોલો ફાધર છે. એવું છે ને. સારો પાર્ટ ભજવ્યો ને. જ્યાં પણ છે, વિશેષ પાર્ટધારી વિશેષ પાર્ટ ભજવ્યા સિવાય રહી ન શકે. આ ડ્રામા ની નોંધ છે. અચ્છા. ચક્કર લગાવવું ખૂબ સારું છે. ચક્કર લગાવ્યું પછી સ્વીટ હોમમાં આવી ગયાં. સેવાનું ચક્કર અનેક આત્માઓનાં પ્રતિ વિશેષ ઉમંગ-ઉત્સાહ નું ચક્કર છે. બધાં ઠીક છો ને? સારું જ સારું છે. ડ્રામા ની ભાવી ખેંચે જરુર છે. તમે રહેવા ઈચ્છો પરંતુ ડ્રામા માં નથી તો શું કરશો. વિચારતા પણ જવું પડશે કારણ કે સેવાની ભાવી છે તો સેવાની ભાવી પોતાનું કાર્ય કરાવે છે. આવવું અને જવું આ જ તો વિધિ છે. અચ્છા. સંગઠન સારું છે.

અવ્યક્ત બાપદાદા ની પર્સનલ મુલાકાત

૧ ) પરમાત્મ પ્રેમનો અનુભવ કરવા માટે દુઃખ ની લહેર થી ન્યારા બનો

બાપદાદા એ સંગમ પર અનેક ખજાના આપ્યાં છે એ બધાં ખજાનામાંથી શ્રેષ્ઠ માં શ્રેષ્ઠ ખજાનો છે સદા ખુશીનો ખજાનો. તો આ ખુશી નો ખજાનો સદા સાથે રહે છે? કેવી પણ પરિસ્થિતિ આવી જાય પરંતુ ખુશી નથી જઈ શકતી. જ્યારે પરિસ્થિતિ કોઈ દુઃખની લહેર વાળી આવે છે તો પણ ખુશ રહો છો કે થોડી-થોડી લહેર આવે જાય છે? કારણ કે સંગમ પર છો ને. તો એક તરફ છે દુઃખધામ, બીજી તરફ છે સુખધામ. તો દુઃખ ની લહેરની ઘણી વાતો સામે આવશે પરંતુ પોતાની અંદર તે દુઃખની લહેર દુઃખી નહીં કરે. જેમ ગરમીની ઋતુ માં ગરમી તો હશે

ને પરંતુ સ્વયં ને બચાવવા તે પોતાનાં ઉપર છે. તો દુઃખની વાતો સાંભળવામાં આવશે પરંતુ દિલમાં પ્રભાવ નહીં પડે. એટલે કહેવાય છે ન્યારા અને પ્રભુ નાં પ્યારા. તો દુઃખની લહેર થી ન્યારા ત્યારે પ્રભુનાં પ્યારા બનશો. જેટલાં ન્યારા એટલાં પ્યારા. પોતે પોતાને જુઓ કે કેટલાં ન્યારા બન્યાં છો? જેટલાં ન્યારા બનતા જાઓ છો એટલાં જ સહજ પરમાત્મ પ્રેમ નો અનુભવ કરો છો. તો દરરોજ ચેક કરો કે કેટલાં ન્યારા રહ્યાં, કેટલાં પ્યારા રહ્યાં. કારણ કે આ પ્રેમ પરમાત્મ પ્રેમ છે જે બીજા કોઈ પણ યુગમાં પ્રાપ્ત થઈ નથી શકતો. જેટલું પ્રાપ્ત કરવાનું છે એટલું હમણાં કરવાનું છે. હમણાં નહીં તો ક્યારેય પણ નહીં થઈ શકે. અને કેટલો થોડો એવો સમય આ પરમાત્મ પ્રેમની પ્રાપ્તિનો છે. તો થોડા સમયમાં ખૂબ અનુભવ કરવાનો છે. તો કરી રહ્યાં છો? દુનિયા વાળા ખુશી માટે કેટલો સમય, સંપત્તિ ખર્ચ કરે છે અને તમને સહજ અવિનાશી ખુશીનો ખજાનો મળી ગયો. કાંઈ ખર્ચ કર્યો શું? ખુશી આગળ ખર્ચ કરવાની વસ્તુ છે જ શું જે આપો. તો આ જ ખુશી નાં ગીત ગાતા રહો કે જો પાના થા વો પા લિયા (જે મેળવવાનું હતું તે મેળવી લીધું). મેળવી લીધું ને? તો જ્યારે કોઈ વસ્તુ મળી જાય છે તો ખુશી માં નાચતા રહે છે. બીજાઓને પણ આ ખુશી વહેંચતા જાઓ. જેટલી વહેંચતા જાઓ છો એટલી વધતી જાય છે કારણ કે વહેંચવુ એટલે વધવું. તો જે પણ સંબંધમાં આવે તે અનુભવ કરે કે આમને કોઈ શ્રેષ્ઠ પ્રાપ્તિ થઈ છે, જેની ખુશી છે કારણ કે દુનિયામાં તો દરેક સમય નું દુઃખ છે અને તમારી પાસે દરેક સમયની ખુશી છે. તો દુઃખીને ખુશી આપવી, આ સૌથી મોટાં માં મોટું પુણ્ય છે. તો બધાં નિર્વિઘ્ન બની આગળ ઉડી રહ્યાં છો કે નાનાં-નાનાં વિઘ્ન રોકે છે? વિઘ્ન નું કામ છે આવવું અને તમારું કામ છે વિજય પ્રાપ્ત કરવો. જ્યારે વિઘ્ન પોતાનું કાર્ય સારી રીતે કરી રહ્યાં છે તો આપ માસ્ટર સર્વશક્તિમાન પોતાનાં વિજય નાં કાર્યમાં સદા સફળ રહો. સદા આ જ યાદ રાખો કે અમે વિઘ્ન-વિનાશક આત્માઓ છીએ. વિઘ્ન-વિનાશક નું જે યાદગાર છે એનો પ્રેક્ટિકલ (વ્યવહાર) માં અનુભવ કરી રહ્યાં છો ને. અચ્છા.

૨ ) અચલ સ્થિતિ બનાવવા માટે માસ્ટર સર્વશક્તિમાન્ નું ટાઈટલ ( શિર્ષક ) સ્મૃતિ માં રાખો

સ્વયં ને સદા સર્વ ખજાના થી ભરપૂર અર્થાત્ સંપન્ન આત્મા અનુભવ કરો છો? કારણ કે જે સંપન્ન હોય છે તો સંપન્નતા ની નિશાની છે કે તે અચલ હશે, હલચલ માં નહીં આવે. જેટલાં ખાલી હોય છે એટલી હલચલ થાય છે. તો કોઈપણ પ્રકારની હલચલ, ભલે સંકલ્પ દ્વારા, કે વાણી દ્વારા, કે ભલે સંબંધ-સંપર્ક દ્વારા, કોઈપણ પ્રકારની હલચલ જો થાય છે તો સિધ્ધ છે કે ખજાના થી સંપન્ન નથી. સંકલ્પમાં પણ, સપના માં પણ અચલ. કારણ કે જેટલી-જેટલી માસ્ટર સર્વશક્તિમાન્ સ્વરુપ ની સ્મૃતિ ઈમર્જ થશે એટલી આ હલચલ મર્જ (સમાપ્ત) થતી જશે. તો માસ્ટર સર્વશક્તિમાન્ ની સ્મૃતિ પ્રત્યક્ષ રુપમાં ઈમર્જ હોય. જેમ શરીર નું ઓક્યુપેશન ઈમર્જ (કર્તવ્ય યાદ) રહે છે, મર્જ નથી થતું, એવી રીતે આ બ્રાહ્મણ જીવનનું ઓક્યુપેશન ઈમર્જ રુપમાં રહે. તો આ ચેક કરો ઈમર્જ રહે છે કે મર્જ રહે છે? ઈમર્જ રહે છે તો એની નિશાની છે દરેક કર્મ માં તે નશો હશે અને બીજાને પણ અનુભવ થશે કે આ શક્તિશાળી આત્મા છે. તો કહેવાય છે હલચલ થી પરે અચલ. અચલઘર તમારું યાદગાર છે. તો પોતાનું ઓક્યુપેશન સદા યાદ રાખો કે અમે માસ્ટર સર્વશક્તિમાન્ છીએ કારણ કે આજકાલ સર્વ આત્માઓ અતિ કમજોર છે તો કમજોર આત્માઓ ને શક્તિ જોઈએ. શક્તિ કોણ આપશે? જે સ્વયં માસ્ટર સર્વશક્તિમાન્ હશે. કોઈ પણ આત્મા ને મળશો તો તે શું પોતાની વાતો સંભળાવશે? કમજોરીની વાતો સંભળાવે છે ને. જે કરવા ઈચ્છે છે તે કરી નથી શકતાં તો આનું પ્રમાણ છે કે કમજોર છે અને આપ જે સંકલ્પ કરો છો તે કર્મમાં લાવી શકો છો. તો માસ્ટર સર્વશક્તિમાન ની નિશાની છે કે સંકલ્પ અને કર્મ બંને સમાન હશે. એવું નહીં કે સંકલ્પ ખૂબ શ્રેષ્ઠ હોય અને કર્મ કરવામાં તે શ્રેષ્ઠ સંકલ્પ ન કરી શકો, આને માસ્ટર સર્વશક્તિમાન્ નહીં કહેવાય. તો ચેક કરો કે જે શ્રેષ્ઠ સંકલ્પ હોય છે તે કર્મ સુધી આવે છે કે નથી આવી શકતાં? માસ્ટર સર્વશક્તિમાન્ ની નિશાની છે કે જે શક્તિ જે સમયે આવશ્યક હોય એ સમયે તે શક્તિ કાર્યમાં આવે. તો એવું છે કે આહવાન કરો છો, થોડી મોડેથી આવે છે? જ્યારે કોઈ વાત પૂરી થઈ જાય છે, પછી સ્મૃતિ માં આવે કે આમ નહીં, આમ કરીએ, તો આને કહેવાય છે સમય પર કામ માં ન આવી. જે સ્થૂળ કર્મેન્દ્રિયો ઓર્ડર (હુકમ) પર ચાલી શકે છે ને, હાથને જ્યારે ઈચ્છો, જ્યાં ઈચ્છો ત્યાં ચલાવી શકો છો, એવી રીતે આ સૂક્ષ્મ શક્તિઓ એટલી કંટ્રોલ (નિયંત્રણ) માં હોય જે સમયે જે શક્તિ ઈચ્છો કામમાં લગાવી શકો. તો એવો કંટ્રોલિંગ પાવર છે? એવું તો નથી વિચારતા કે ઈચ્છતા તો નહોતાં પરંતુ થઈ ગયું. તો સદા પોતાનાં કંટ્રોલિંગ પાવર ને ચેક કરતા શક્તિશાળી બનતાં ચાલો. બધાં ઉડતી કળા વાળા છો કે કોઈ ચઢતી કળા વાળા, કોઈ ઉડતી કળા વાળા? કે ક્યારેક ઉડતી, ક્યારેક ચઢતી, ક્યારેક ચાલતી કળા થઈ જાય છે? બદલાય છે કે એકરસ આગળ વધતા રહો છો? કોઈ વિઘ્ન આવે છે તો કેટલાં સમય માં વિજયી બનો

છો? સમય લાગે છે? કારણ કે નોલેજફુલ (જ્ઞાની) છો ને. તો વિઘ્નો નું પણ જ્ઞાન છે. જ્ઞાન ની શક્તિ થી વિઘ્ન વાર નહીં કરે પરંતુ હાર ખાઈ લેશે. આને જ માસ્ટર સર્વશક્તિમાન્ કહેવાય છે. તો અમૃતવેલા થી આ ઓક્યુપેશન ને ઈમર્જ કરો અને પછી આખો દિવસ ચેક કરો. અચ્છા.

વરદાન :- સહનશક્તિ નું કવચ પહેરી , સંપૂર્ણ સ્ટેજ ( સ્થિતિ ) ને વરવા વાળા વિઘ્નજીત ભવ

પોતાની સંપૂર્ણ સ્ટેજ ને વરવા અર્થાત્ પ્રાપ્ત કરવા માટે અલબેલાપણા નાં નાઝ-નખરા ને છોડી સહનશક્તિ માં મજબૂત બનો. સહનશક્તિ જ સર્વ વિઘ્નો થી બચવાનું કવચ છે. જે આ કવચ નથી પહેરતા તે નાજુક બની જાય છે. પછી બાપની વાતો બાપ ને જ સંભળાવે છે, ક્યારેક ખૂબ ઉમંગ-ઉત્સાહ માં રહે, ક્યારેક દિલશિકસ્ત થઈ જાય છે. હવે આ ઉતરવા-ચઢવાની સીડી ને છોડી સદા ઉમંગ-ઉત્સાહ માં રહો તો સંપૂર્ણ સ્ટેજ સમીપ આવી જશે.

સ્લોગન :- યાદ અને સેવાની શક્તિ થી અનેક આત્માઓ પર રહેમ કરવો જ રહેમદિલ બનવું છે.